ડૉ. જયકર એસ. મેકવાન
ઈન્ચાર્જ

# રમતોત્સવની ઉજવણી

સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એન.એચ.પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન દ્વારા ટ્રસ્ટની સુવર્ણ જયંતીના ભાગરૂપે તા ૦૯/૦૧/૨૦૨૦ના દિવસે રમતોત્સવની ઉજવણી હર્ષભેર કરવામાં આવી હતી.

આ રમતોત્સવનું સમગ્ર સંચાલન વ્યાયામ યોગ ખેલકૂદ ધારાના કન્વીનર ડૉ. જયકર એસ. મેકવાન દ્વારા કરવામાં આવ્યું. ટ્રસ્ટની સુવર્ણ જયંતિના ભાગરૂપે મુખ્ય મહેમાન તરીકે આર્મી રિટાયર જનરલ દિલાવરસિંહ ચૌહાણ અને સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટનાં મેનેજીંગ ટ્રસ્ટીશ્રી ભીખુભાઈ પટેલ સાહેબ ઉપસ્થિત રહ્યા હતા, તેમણે જીવનમાં નિયમિતતા વિશે વ્યાખ્યાન આપી પ્રશિક્ષણાર્થીઓને વિવિધ રમતોમાં ભાગ લેવા માટે પ્રોત્સાહન આપ્યું હતું અધ્યક્ષશ્રી ડૉ. દિલિપભાઈ યુ. પટેલસાહેબે પ્રશિક્ષણાર્થીઓન વિવિધ રમતોમાં ભાગ લેવા માટે પ્રોત્સાહન આપ્યું હતું. અને ખેલદિલી પૂર્વક રમતોમાં ભાગ લેવા માટે પ્રેરણા આપી હતી.

પ્રશિક્ષણાર્થી બહેનો ભાઈઓ માટે સંગીત ખુરશી, લીંબુ ચમચી, કોથળા દોડ, લાંબી કૂદ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સંગીત ખુરશી સ્પર્ધામાં પ્રથમક્રમે પાટડિયા નિકુંજ, દ્વિતીય ક્રમે ચૌહાણ સચિન, તૃતીય ક્રમે ચૌહાણ રવિરાજભાઈ વિજયી થયા હતાં. પ્રશિક્ષણાર્થી બહેનો

માટેની સંગીત ખુરશી સ્પર્ધામાં પ્રથમ ક્રમે વ્હોરા લુબ્ના, દ્વિતીય ક્રમે ભટ્ટ વંદના, તૃતીય ક્રમે ભોઈ જ્યોત્સના વિજયી થયાં હતાં.

પ્રશિક્ષણાર્થી ભાઈઓ માટેની લીંબું ચમચી સ્પર્ધામાં પ્રથમક્રમે મુકેશભાઈ પરમાર, દ્વિતીય ક્રમે ઉદેસિંહ ચાવડા તથા તૃતીય ક્રમે નેવિલ મકવાણા વિજયી થયાં હતા. પ્રશિક્ષણાર્થી બહેનો માટેની લીંબું ચમચી સ્પર્ધામાં પ્રથમક્રમે અવની પ્રજાપતિ પટેલ, દ્વિતીય ક્રમે રાજલબા ચાવડા અને તૃતીય ક્રમે રીતલ પટેલ વિજયી થયા હતાં.

પ્રશિક્ષણાર્થી ભાઈઓ માટેની કોથળા દોડ સ્પર્ધામાં પ્રથમ ક્રમે મેહુલ પરમાર, દ્વિતીય ક્રમે ઉદેસિંહ ચાવડા તથા તૃતીય ક્રમે નેવિલ મકવાણા વિજયી થયાં હતાં. પ્રશિક્ષણાર્થી બહેનો માટેની કોથળા દોડ સ્પર્ધામાં પ્રથમક્રમે દીપિકા શર્મા, દ્વિતીય ક્રમે એન્વીલા ગામિત અને તૃતીય ક્રમે પુષ્પા સવણિયા વિજયી થયાં હતાં. પ્રશિક્ષણાર્થી ભાઈઓ માટેની લાંબી કૂદ સ્પર્ધામાં પ્રથમક્રમે જુનેદ સખીદાસ, દ્વિતીય ક્રમે રોનક પટેલ તથા તૃતીય ક્રમે ઉદેસિંહ ચાવડા વિજયી થયાં હતાં. પ્રશિક્ષણાર્થી બહેનો માટેની લાંબી કુદ સ્પર્ધામાં પ્રથમ ક્રમે ભૂમિકાબેન, દ્વિતીય ક્રમે એનવિલા ગામિત તથા તૃતીય ક્રમે ચાવડા રાજલબા વિજયી થયા હતાં.

પ્રથમ વર્ષના અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓ વચ્ચે ક્રિકેટ મેચનું આયોજન કરાયું હતું. જેમાં દ્વિતીય વર્ષના તાલીમાર્થી ભાઈઓ વિજયી થયાં હતાં.

સમગ્ર કાર્યક્રમને અંતે અલગ અલગ સ્પર્ધામાં પ્રથમક્રમે, દ્વિતીય ક્રમે તથા તૃતીય ક્રમે વિજેતા થનાર પ્રશિક્ષણાર્થીઓને સુવર્ણ ચંદ્રક, રજત ચંદ્રક અને કાંસ્ય ચંદ્રક વડે સન્માનિત કરવામાં આવ્યા હતા. ભાઈઓમાં શ્રેષ્ઠ સ્પર્ધક, વિજેતા તરીકે ઉદેસિંહ ચાવડા અને બહેનોમાં એન્વીલા ગામિત ઘોષિત થયાં હતાં. આ સ્પર્ધામાં પ્રા. એલ.એસ. બલાત, ડૉ.યુ.એસ. શારડા, ડૉ.જે.જે. દીક્ષિત, પ્રા. એસ. વી. મકવાણા, ડૉ. ડી.આર. દવે, એન.બી. પરમારે તથા નોન ટિચિંગ સ્ટાફે ભુમિકા ભજવી હતી.

સમગ્ર કાર્યક્રમનું આયોજન વ્યાયામ યોગ ખેલકુદ ધારાના કન્વીનર ડૉ. જયકર એસ. મેકવાન દ્વારા કરવામાં આવ્યું હતું. આભારવિધિ ખેલકુદમંત્રી રાકેશ પંચાલ દ્વારા કરવામાં આવી.

